# નવસારી કૃષિ યુનિવર્સિટી

## એરૂ ચાર રસ્તા,નવસારી

**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી / કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ બાબત**

**વંચાણેઃ**– સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, સચિવાલય,ગાંધીનગરના તા.૨૮.૧૧.૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૧૨૦૧૬–ક.

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના વડાઓને પરિપત્રિત કરવામાં આવે છે કે, ઉકત વંચાણે લીધેલ પરિપત્ર અનુસાર રાજયના ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી – ૨૦૧૬ તા.૨૮.૧૧.૨૦૧૬ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. આ ચૂંટણી માટે તા.૨૭.૧૨.૨૦૧૬ના રોજ મતદાન યોજાનાર છે. આથી તા.૨૮.૧૧.૨૦૧૬ના રોજથી આચાર સંહિતા અમલી બનેલ છે. જે ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલી રહેશે.

સદર ચૂંટણી જાહેર થવાને કારણે સરકારશ્રીના જુદા–જુદા વિભાગ/ ખાતાઓ / કચેરીઓને પણ ચૂંટણી પ્રક્રિયાના સમગ્ર સમય દરમ્યાન મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતાના અમલ બાબતે ઉકત વંચાણે લીધેલ પરિપત્રમાં જણાવેલ બાબતોનો ચૂસ્તપણે અમલ કરવા જણાવેલ છે.જેથી અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના અધિકારી / કર્મચારીશ્રીઓની આદર્શ આચાર સંહિતા લાગુ થયાની તારીખથી અને પુરી થાય ત્યાં સધી કોઈપણ પ્રકારની રજાઓ મંજુર કરવી નહી તથા આચાર સંહિતા દરમ્યાન જે – તે અધિકારી / કર્મચારીઓની કોઈપણ પ્રકારની રજાઓ આચાર સંહિતાના સમયગાળા દરમ્યાનની અગાઉથી મંજુર કરવામાં આવેલ હશે તો તે આપોઆપ રદ થયેલી ગણવામાં આવશે. તેમજ આચાર સંહિતા દરમ્યાન બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ જેવા અન્ય સેવા વિષયક લાભો મંજુર કરવા અંગેનો કોઈ કાર્યાલય આદેશ થયેલ હોય તો સદર આદેશ આચાર સંહિતા પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગીત કરવામાં આવે છે. તેમજ તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા જણાવવામાં આવે છે.

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

૯૬૫૨૧-૭૦

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ગ્રામ પંચાયપ સા.ચૂં–૧૬/ /૨૦૧૬**
**તા.૨૯/૧૧/૨૦૧૬**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂઃ–**

(૧) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ.
(૨) આ વિભાગની તમામ શાખાઓ તરફ.

| ચૂંટણી |
|---|
| આચાર સંહિતા |

ક્રમાંકઃ ઈએલસી–સી.ઓ.સી.–૩(૭)–૧૧૨૦૧૬–ક
રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૮–૧૧–૨૦૧૬

વિષયઃ– ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર/પેટા ચૂંટણી ડિસેમ્બર–૨૦૧૬ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.

**પરિપત્ર :**

૧. આ સાથેના પત્રક મુજબની ગ્રામ પંચાયતોની સામાન્ય /મધ્યસત્ર/ પેટા ચૂંટણી તા.૨૭–૧૨–૨૦૧૬ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૨૮ –૧૧–૨૦૧૬ ના રોજ જાહેરાત કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચાર સંહિતા તા. ૨૮–૧૧–૨૦૧૬ થી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચાર સંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે પણ કરવાનો રહે છે.

**ગ્રામ પંચાયતોની સામાન્ય /મધ્યસત્ર/ પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૨૮-૧૧-૨૦૧૬ |
| ૨ | ચૂંટણીની નોટિસ / જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૫-૧૨-૨૦૧૬ |
| ૩ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૦૫-૧૨-૨૦૧૬ |
| ૪ | ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૧૦-૧૨-૨૦૧૬ |
| ૫ | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૧૨-૧૨-૨૦૧૬ |
| ૬ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૧૪-૧૨-૨૦૧૬ |
| ૭ | મતદાનની તારીખ તથા સમય | ૨૭–૧૨–૨૦૧૬ (મંગળવાર) સવારના ૮–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી |
| ૮ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૨૮-૧૨-૨૦૧૬ |
| ૯ | મત ગણતરીની તારીખ | ૨૯-૧૨-૨૦૧૬ |

૨. ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર /પેટા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંકઃરાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮ (૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઈટ sec.gujarat.gov.in પર મૂકેલા છે.

૨૯ NOV 2016

Urgent A-3.3 29/11

૪. સંબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજ્ય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ **ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/ પેટા ચૂંટણી** દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજૂર કરે નહિ.

૫. આચાર સંહિતાના અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં

(અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

(બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂક આપી શકાશે નહિ.

(ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈપણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.

(ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.

(ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂર કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સૂચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મૂકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સૂચનાનો અમલ **તા.૨૮–૧૧–૨૦૧૬** થી (જાહેરાતની તારીખ) થી **તા. ૨૯–૧૨–૨૦૧૬** (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી.
  માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો,
  સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ
  સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સંબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/ રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
  જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ
- રાજ્ય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજ્ય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

**તા.૨૭–૧૨–૨૦૧૬ના રોજ યોજાનાર સામાન્ય/મધ્યસત્ર/વિભાજનવાળી ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક :–**

| અ.નં. | જિલ્લાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૧૩ |
| ૨ | અમરેલી | ૪૯૨ |
| ૩ | આણંદ | ૧૮૯ |
| ૪ | બનાસકાંઠા | ૬૩૩ |
| ૫ | ભરૂચ | ૪૮૬ |
| ૬ | ભાવનગર | ૩૧૧ |
| ૭ | ડાંગ | ૭૦ |
| ૮ | દાહોદ | ૩૭૫ |
| ૯ | ગાંધીનગર | ૧૯૪ |
| ૧૦ | જામનગર | ૧૬૩ |
| ૧૧ | ખેડા | ૪૨૮ |
| ૧૨ | જૂનાગઢ | ૪૧૩ |
| ૧૩ | કચ્છ | ૪૭૬ |
| ૧૪ | મહેસાણા | ૧૫૩ |
| ૧૫ | નર્મદા | ૧૯૧ |
| ૧૬ | નવસારી | ૩૧૩ |
| ૧૭ | પંચમહાલ | ૩૭૩ |
| ૧૮ | પાટણ | ૧૮૭ |
| ૧૯ | પોરબંદર | ૧૩૨ |
| ૨૦ | રાજકોટ | ૫૪૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫૦૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૮૩ |
| ૨૩ | સુરત | ૫૩૪ |
| ૨૪ | તાપી | ૨૬૫ |
| ૨૫ | વડોદરા | ૨૯૫ |
| ૨૬ | વલસાડ | ૩૨૩ |
| ૨૭ | અરવલ્લી | ૨૦૧ |
| ૨૮ | મહિસાગર | ૨૫૨ |
| ૨૯ | છોટાઉદેપુર | ૨૪૧ |
| ૩૦ | મોરબી | ૩૦૧ |
| ૩૧ | ગીર સોમનાથ | ૨૮૫ |
| ૩૨ | દેવભૂમિ દ્વારકા | ૧૫૭ |
| ૩૩ | બોટાદ | ૧૩૯ |
| | કુલ:– | ૧૦૩૧૮ |